Total Page - 120



**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ,**
**મુંબઈનું મુખપત્ર**

# સોરઠ વિશાશ્રીમાળી

## દિપોત્સવી અંક

વર્ષ : ૪૮ મુલ્ય : રૂા. ૮/- અંક : ૧૧ નવેમ્બર ૨૦૨૦

Yash Sheth (M): +91 99207 87844
Dharmin Sheth (M): +91 87935 17863

CONTENDRE

Solar PV Manufacturing
& Solutions Provider

NO MORE COUNTING KILOWATTS

Indulge in all the electricity you want with Contendre Solar



We Provide:
-Complete Turnkey EPC Project
-Unmatched Service
-Expert Guidence
-Best Quality Solar Panels manufactured at our Facility


Web: www.contendresolar.com Email: info@contendresolar.com

CONTENDRE
INFRATECH PVT. LTD.

Builders & Developers

Paresh Sheth (M): +91 99207 87842
Email: contendreinfra@gmail.com

www.contendreinfra.in



Add: 102, Vikas Paradise, LBS Marg, Above Natruals IceCream, Mulund West, Mumbai- 400080.

JAINAM
ENTERPRISE

Rohit Sheth (M): +91 93206 62643
Chetan Sheth (M): +91 80078 60858
Office: +91 2522 224043

We Are Dealing in All Types of Second Hand & New Textile Machines & its Spare Parts

Add: 225/A, Trimurti Complex, Opp. Ashok Hotel, Kalyan Road, Bhiwandi - 421302

SYMBOL OF TRUST SINCE 35 YEARS



**વ્હાલા સ્વજનો - જ્ઞાતિ મિત્રો**

**વિ.સં. ૨૦૭૬ના અંતિમ દિવસ એટલે કે આ દિપાવલીના પર્વની આપ સહુને તથા આપના સૌ પરિવારજનોને શુભકામના આખુ વર્ષ જેમના ચરણોમાં બેસીને આપણે શુભ વાંચન, મનન અને ચિંતન કરીએ છીએ એ માતા સરસ્વતીને આજના મંગલ દિને ભાવપૂર્વક વંદના કરીએ.**

**આજથી શરૂ થતું વિ.સ. ૨૦૭૭ આપ સૌ વાચક મિત્રો અને સૌ પરિવારજનો માટે ખૂબજ ફળદાયી સુખદાયી અને પ્રસન્નકર્તા બની રહે તેવી હાર્દિક શુભકામના.**

**આ નૂતનવર્ષમાં આપણે સૌ એક સાથે વધુ ને લધુ વાંચન કરીએ, ચિંતન કરીએ અને ઉત્તમ લેખોનું મનન કરીને આપણા જીવનપથને વધારે પ્રકાશિત કરીએ, આપ સહુના હૃદયમાં પ્રસન્નતા પ્રસરે એ જ પ્રભુ પ્રાર્થના...**

**ફરી એકવાર, આપ સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભકામના - નવા વર્ષના સાલમુબારક.**

## શ્રી સોરઠ વિશા શ્રીમળી જૈન સમાજ, મુંબઈ

### સમાજની કારોબારી સમિતિ

| | | | |
|---|---|---|---|
| શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા | - પ્રમુખ | શ્રી અશોકભાઈ દલિચંદ ભણશાલી | - સભ્ય |
| શ્રી ગિરીશભાઈ કાંતિલાલ પારેખ | - ભૂ. પ્રમુખ | શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા | - સભ્ય |
| શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા | - ઉપપ્રમુખ | શ્રી પિયુષભાઈ હરકિશનદાસ શાહ | - સભ્ય |
| શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા | - માનદ્ મંત્રી | શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર | - સભ્ય |
| શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝી | - માનદ્ સહ - મંત્રી | શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા | - સભ્ય |
| શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા | - માનદ- ખજાનચી | શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા | - સભ્ય |
| શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી | - માનદ- ખજાનચી | શ્રીમતી નીતાબેન પરેશભાઈ શેઠ | - કૉ. ઑપ્ટ સભ્ય |
| શ્રી નિખિલભાઈ કિશોરભાઈ શાહ | - સભ્ય | શ્રીમતી દીપ્તિબેન દિક્ષિતભાઈ માઝની | - કો. ઑપ્ટ સભ્ય |

### સલાહકાર સમિતિ

શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા ● શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી

શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર ● શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ

# ૨૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. નરોત્તમદાસ જીવણભાઈ વોરા

**જન્મ: તા. ૨૧-૬-૧૯૧૦ ★ સ્વર્ગવાસ : તા. ૨૫-૧૦-૧૯૯૫**

આપનો મિલનસાર, માયાળુ અને લાગણીભર્યો સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, પ્રભુના પરમતત્ત્વમાં શ્રદ્ધા અને વિશ્વાસ, સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા તેમ જ બીજાને માટે કાંઈક કરી છૂટવાની ઉદાર ભાવના હંમેશાં યાદ રહેશે. આપનું કર્તવ્યપરાયણ, સેવામય આદર્શ જીવન હંમેશાં અમને શ્રેયને પંથે દોરી જશે.

પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ બક્ષે એવી પ્રાર્થના.

**લિ.**

## નરોત્તમદાસ જીવણભાઈ વોરા પરિવાર

પુત્રો : **ધીરજલાલ, ડૉ. ભુપેન્દ્ર અને ચંદ્રકાંત**

પુત્રવધૂ : **પુષ્પા, શોભના અને મધુ**

પુત્રીઓ : **સ્વ. તારાબેન રમણીકલાલ વસા સ્વ. રસીલા ચંદુલાલ વોરા,**
**સ્વ. રમા પ્રફુલચંદ્ર ધોળકિયા, હેમા નવીનચંદ્ર દોશી**

પૌત્ર : **સચીન, મનીષ આશિષ**

પૌત્ર વધૂ : **નિશા, પરીતા**

પૌત્રી : **નેહા, સોનાલી**

# તંત્રીસ્થાનેથી....



– કીર્તિ મયુર મહેતા

મારા વ્હાલા આપ્તજનો,

નૂતન વર્ષ આપ સહુનુ મંગલમય અને સ્વાસ્થય થી ભરપૂર રહે એવી ઇશ્વરને પ્રાર્થના કરુ છું. દિવાળી એ પ્રકાશનો પર્વ, અંધકારથી પ્રકાશ તરફ લઇ જનારુ પર્વ.

આ નૂતન વર્ષે, હૃદયના માળીએ જૂની નફરતો છે તેને ઊતારીને ઘરની બહાર ફેકી દેજો, હાસ્યના તોરણો દરેક પોતાના ઘરને બારણે લગાડી દેજો. નિરાશાને છોડીને આશાના દરેક ઊંબરે નવા દીપ પ્રગટાવી અને 'હું' ભૂલી મન મૂકીને બીજાની પ્રશંશા કરજો. બીજાના દુ:ખ દુર કરવાની કોશિષ કરજો અને સદાય હસતા રહેજો.

મારી એક નમ્ર વિનંતી છે કે આ નૂતન વર્ષે આપણે બધાએ સાથે મળીને on-line shopping ને બંધ કરીને આપણા જ વેપારી ભાઇઓનો માલ ખરીદીને એમના ઘરમાં આનંદની દિવાળી લાવીએ. લોકો બૂમો પાડે છે કે ધંધા નથી, ભયંકર મંદી છે. તે સાચી વાત છે. પહેલા અંગ્રેજો ભારતને લૂટી ગયા હવે અમેરિકનોને આપણે સામેથી લૂંટવા દઇએ છીએ. આપણા ગામની દુકાનમાંથી મોબાઇલ કે બીજી વસ્તુ લઇશુ તો એનો પૈસો ગામમાં જ ફરશે અને એ દુકાનદાર તમારી આવભગત કરશે એ તમને ચા પીવડાવશે એની સાથે થોડી આત્મીયતાની વાતો પણ થશે. on-line shopping માંથી કરોડો રૂપિયાની ખરીદી કરીશુ તોય તે લોકો એક પૈસો ઓછો નહી કરે અને આપણને કાંઇ ભાવ પણ નહી આપે. અને લોકો પણ સમજતા નથી કે ઘણી વસ્તુઓમાં ઓન-લાઇન કરતા દુકાનમાં ભાવ ઓછા હોય છે. જો લોકો આમને આમ આડેધડ ઓનલાઇન ખરીદી કરશે તો ભલે આ પ્રશ્ન અત્યારે નાનો લાગે પણ ભવિષ્યમાં ભયંકર બેરોજગારી ઉત્પન્ન કરનારો રહેશે. આપણે સૌએ આ બાબતે ગંભીર થવુ જોઇએ.

તો આવો આ નૂતન વર્ષે આપણા જ વેપારીભાઇઓનો માલ ખરીદી એમના જીવનમાં ખુશી અને પ્રકાશની દિવાળી લાવીયે. અને આપણા જ દેશનો પૈસો દેશમાં રાખીને રાષ્ટ્રની ઉન્નતી કરિયે.

જય જિનેન્દ્ર

K. M. Mehta

# પ્રમુખ સ્થાનેથી



સુજ્ઞ સભ્યમિત્રો,

સૌને નવા વર્ષની શુભેચ્છા.

દિવાળીનો ત્યૌહાર ભલે કોરોનાના કારણે થોડો ફીક્કો ગયો પણ દિવાળીનું અજવાળું તો કાયમી જ હોય છે.

ખરેખર તો પરિસ્થિતી એવી છે કે કોરોનાનો ડર મહદ અંશે દૂર થયો. કોઇપણ પ્રકારનો ડર કાયમ રહેતો નથી. સમયની સાથે બધુ બદલાય જાય છે.

આત્મવિશ્વાસ, કાર્ય પૂર્ણ કરવાની દ્રઢતા અને અવિરત પ્રયત્નો જરૂરથી દરેક કાર્યને પરિણામ તરફ લઇ જાય છે.

આપણા સમાજની પણ આવી જ પરિસ્થિતી છે. પરિવર્તન જોઇએ છે પણ કોણ પહેલ કરે એની વિડંમણા છે.



ચોક્કસ દિશા તરફ જવા માટે વિમાસણ છે. ચિલા ચાલુ કાર્યો થઇ જાય છે. પછી શા માટે બીજું વિચારવું એવી માનસિકતા ઘર કરી ગઇ છે.


પરિવર્તનની વાતો કરીએ છીએ પણ તેના માટે પ્રયત્નોમાં થોડીક ઉણપ રહી જાય છે.

સમય અને કુદરત એનું કાર્ય કરતું રહે છે. એને કોઇપણ બંધન નથી.

આપણે પણ સર્વે બંધનો છોડી દઇને મુક્ત થઇ જઇએ તો જરૂરથી નિશ્ચિત કાર્ય કરવા સમર્થ બની જઇએ.


જય જિનેન્દ્ર !

– મહેશ સાવડીયા


Mahesh Savadia
Director
Valiant Organics
Limited
A QUANTUM
LEAP FORWARD
109, Udyogkshestra, 1st Floor,
Mulund, Goregaon Link Road,
Mulund - 400 080.
Mob.: 9820808644 / 2267976673
mahesh.savadia@valiantorganics.com
www.valiantorganics.com

ADORN YOURSELF FOR THE
BIGGEST DAY OF YOUR LIFE

KIRTI DIAM
THE DIAMOND JEWELLER




GOVT. APPROVED VALUERS

MAYUR MEHTA | 98200 56226 | mayur@kirtidiam.com

**FOR APPOINTMENTS CALL : +91 22 2102 7083 / 5924 • +91 91363 46666 / 26666**

7/8/9, Shankar Nagar, Vallabh Baug Lane, Tilak Road Corner, Ghatkopar (E),
Mumbai - 400077 | info@kirtidiam.com | kirtidiamindia@gmail.com | W: www.kirtidiam.com



મયુર નગીનદાસ મહેતા

# મંત્રીસ્થાનેથી....



દિક્ષિત નટવરલાલ માજની

આદરણીય સર્વે જ્ઞાતિબંધુઓ, ભાઇઓ તથા બહેનો, યુવા વર્ગ

દરેકને સાદર પ્રણામ ! જય જિનેન્દ્ર.

ચરમ તીર્થાધિપતિ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ અખંડ બાર વર્ષની આરાધના બાદ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કર્યા બાદ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી દિવાળીને દિવસે નિર્વાણ પામ્યા. લોકોએ ઘરે ઘરે દીવડા પ્રગટાવીને અંધકારને દૂર કરી ચોતરફ પ્રકાશ ફેલાવ્યો.

નૂતન વર્ષની મંગલ પ્રભાતે અનંત લબ્ધિ નિધાન ગૌતમસ્વામી કેવલજ્ઞાન પામ્યા. વિશ્વના દરેક જીવ માત્રને શ્રી ગૌતમસ્વામીની લબ્ધિ અને વિનય મળજો. શ્રી અભયકુમારની બુદ્ધિ તથા વિવેક મળજો, સુલસા જેવું સમ્યકત્વ મળજો, વજસ્વામિ જેવું જ્ઞાન મળજો, બાહુબલી જેવું બળ-બુદ્ધિ અને સંકલ્પ દરેકને મળે અને દરેક જીવનું જીવન કલ્યાણકારી બને એવી આજના મંગલમય દિવસે શુભ ભાવના...

અત્યારનો કોરોના કાળનો સમય જલ્દી થી પુરો થય જાય અને ફરી પાછા નવા વર્ષમાં શુભકાર્યોની શરૂઆત થાય એવી પ્રભુપાસે પ્રાર્થના કરીયે છીએ.

આ વર્ષે પણ શૈક્ષણિક, સ્વાવલંબી યોજના, આર્થિક સહાય, મેડિકલ, રાહત દરેક યોજનામાં સમાજે આપેલ સાથ સહકારથી પાર પડી છે.

નવા વર્ષમાં સૌ સાથેમળીને વેપાર વાણિજ્ય વધારીએ અને કોરોનાની રસી મળતા આ વિષમ વાયરસ નાબૂદ થાય અને આખા વિશ્વમાં સુખશાંતિ સ્થાપાય એવી અભિલાષા.

**નૂતન વર્ષાભિનંદન**

**માનદ્ મંત્રીઓ**

**મયુર નગીનદાસ મહેતા**
**૯૮૨૦૦૫૬૨૨૬**

**દિક્ષિત નટવરલાલ માજની**
**૯૩૨૨૨૬૨૫૪૦**



આચાર્ય વિજય રાજહંસૂરિશ્વરજી

(ગતાંકથી ચાલુ)

# કર્મનિર્જરા

**(૪) ઉષ્ણપરીષહ :** ગરમી સહન કરવી સહ્ય અને અસહ્ય બે વિભાગ થાય. આપણા માનવીનું માનસ એવું છે કે સગવડતા છે. અનુકૂળતા છે તો સહન શા માટે કરવું ? સાધન સગવડ હોવા હતાં સહન કરે તે જ સહન કર્યું કહેવાય. 'ન મિલે બાળા બ્રહ્મચારી' જેવું ન હોય.

વળી સાધન સગવડના અભાવમાં પણ હાય-વોય વિના સહન કરે તો સહન કર્યું કહેવાય. એવી રીતે સહન કરવાથી કર્મનિર્જરા થાય છે. અને હાય-વોય કરીને, બીજાને દોષ આપીને સહન કરે તો કર્મબંધ થાય છે. ઉનાળાના સમયમાં લોકોને આદત પડી ગઇ છે. ગરમીથી બૂમો પાડવાથી બહુ ગરમી છે. આવી ગરમી તો ક્યારેપણ નથી પડી વળી આધુનિક સમયમાં ૪૫ ડિગ્રી ૪૬ ડિગ્રી ગરમી એ રીતે બૂમો પાડવી તે આર્તધ્યાન કે અશુભકર્મબંધનું કારણ છે. બૂમો પાડવાથી ગરમી ઓછી થવાની નથી. ઉલ્ટી મન ઉપર ગરમી સવાર થઇ જાય એટલે હોય એના કરતા વધારે ગરમી લાગે. સહય હોય ત્યાંસુધી સહજભાવે સહન કરે અસહ્ય લાગે ત્યારે ઓછામાં ઓછા સાધનનો ઉપયોગ કરે. પંખાતી ચાલે તેવું હોય તે એ. સી. નો ઉપયોગ ન કરે. અને એ.સી.નો ઉપયોગ કરવો પડે ત્યારે પણ એક કલાક કે બે કલાકથી વધારે નહિ. વળી તે સમયે પંચમહાવ્રતધારી સાધુ સાધ્વીની ભગવંતને યાદ કરે કે પૂજ્યશ્રી આવી ગરમીમાં કેવીરીતે રહેતા હશે ? એમ વિચારીને ક્ષમતા રાખે તો ઉષ્ણપરીષહ સહન કર્યો કહેવાય.

**(૫) દંશમશકૂ પરીષહ :** ડંશ, મચ્છર, માંકડ, માખી, મંકોડા આદિના ઉપદ્રવથી થતી વેદના તે દંશમશક પરીષહ. માખી મચ્છર વિ કરડે ત્યારે સમભાવે સહન કરવા. એ જીવો ઉપર દ્વેષ ન કરવો કે એને પીડા થાય તેવી પ્રવૃત્તિ ન કરવી. સહન ન જ થાય ત્યારે જયણાપૂર્વક મચ્છર વિ. ને દુઃખ ન થાય તે રીતે ઘરેથી દૂર કરવા. એને મારવાનો તો વિચાર પણ ન કરવો. આપણને તો એક નાનકડો ચટકો ભરે છે તેથી આપણને કંઇ ઝાઝું નુકશાન થતું નથી. અજયાપથી ઉડાડયા જતા એનો તો જીવ જતો રહે. કરી શકો તો એ જીવને પણ પ્રેમ કરો એના ઉપર દ્વેષ તો ન જ કરો. આપણે પણ અનેક વખત એ માખી-મચ્છર તરીકે ઉત્પન્ન થઇને અનેક જીવોને કરડયા છીએ આપણને કોઇ આવી રીતે ઉડાડી દે તો આપણને કેટલું દુઃખ થાય, આ જીવને પણ દુઃખ થતું હશે એમ વિચારી સમતાથી સહન કરવું.

**(૬) અચેલ પરીષહ સાધુને માટે છે**

શ્રાવક માટે વિચારવું હોય તો એમ વિચારી શકાય કે વસ્ત્ર વિ. શ્રાવકને સારા ન મળ્યા અથવા આર્થિક સ્થિતિના કારણે ફાટેલા કે સાંદેલા વસ્ત્ર પહેરવા પડે ત્યારે શરમ ન થાય કે દુઃખ ન લગાડે. કોઇ ઉપર દ્વેષ પણ ન કરે. અને સારા વસ્ત્રો મળી જાય તો રાગ ન કરે અને અહંકાર પણ ન કરે અચેલ પરીષહ જીત્યો કહેવાય.

**(૭) અરતિ પરીષહ :** અરતિ એટલે દુઃખ થાય તેવી પરિસ્થિતિ સર્જાય એવા સંયોગો ઊભા થાય ત્યારે પણ દુઃખ ન લગાડે શુભ ભાવના દ્વારા અરતિથી બચે-અરતિ ન કરે તો અરતિ પરીષહ જીત્યો કહેવાય.

**(૮) સ્ત્રીપરીષહ :** પુરુષ માટે સ્ત્રી અને સ્ત્રી માટે પુરુષ હાસ્યાદિ ચેષ્ટા કરે ભોગની પ્રાર્થના-યાચના કરે, એવા પ્રકારના હાવ-ભાવ કરે ત્યારે પણ અશુદ્ધિ ભાવના આદિથી એ ચેષ્ટા કે હાવ-ભાવ તરફ લક્ષ ન આપે તેની પ્રાર્થનાનો સ્વીકાર ન કરે. મનમાં પણ રાગ ન કરે તે સ્ત્રી પરીષહ જીત્યો કહેવાય. આવા રાગના નિમિત્તની પાસે પણ ન જીવું. અને નિમિત્ત ઊભા થઇ જાય તો તેનાથી દૂર ચાલ્યા જવું. નિમિત્તવાસી આત્મા છે એટલે નિમિત્તથી બચીને રહેવું.

(૯) ચર્યા પરિષહ એટલે વિહાર એ પણ સાધુ માટે છે. વિહારમાં પ્રતિકૂળતા આવે, ઠંડી-ગરમી પત્થર-કાંટા વિ. પ્રતિકૂળતા આવે ત્યારે મનથી પણ ઉદ્વેગ ન કરવો.શ્રાવકને યાત્રા કરવા જાય ત્યારે અથવા મુસાફરી વિ.માં પ્રતિકૂળતા આવે ત્યારે મનથી ઉદ્વેગ ન કરવો પ્રતિકૂળતાનો સ્વીકાર કરવો.

(૧૦) નિષધા એટલે ઉપાશ્રય આદિ સ્થાન આ પરીષહ પણ સાધુ માટે છે. સ્થાન અનુકૂળ મળે તો રાગ ન કરવો અને પ્રતિકૂળ મળે તો દ્વેષ ન કરવો. શ્રાવક માટે ઘર-દુકાન સમ વિ. માટે પણ આમ જ સમજવું.

(૧૧) શય્યા એટલે સંથારો અથવા વસતિ શ્રાવક માટે પલંગ, બેડ, પથારી વિ. અનુકૂળ મળે તો હર્ષ ન કરવો અને પ્રતિકૂળ મળે તો ઉદ્વેગ ન કરવો આ શય્યા પરીષહ જીત્યો કહેવાય. મુખ્યતયા અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષથી બચવાનું છે. રાગ અને દ્વેષ કર્મબંધના કારણ છે. જ્યાં રાગ થાય છે ત્યાં દ્વેષ થાય જ છે. માટે જેના ઉપર રાગ થાય તેવી સારી કોઇ વસ્તુ રાખવી નહિ.

**(૧૨) આક્રોશ પરીષહ :** કોઇક કારણસર અથવા અકારણ કોઇ વ્યક્તિ આક્રોશ કરે, તિરસ્કાર કરે કે ક્રોધ કરે તે સમયે એની સાથે ક્રોધ કે દ્વેષ કરવા નહિ અને સમતા રાખવી. શાંત રહેવું.

એ આક્રોશ પરીષહ સહન કર્યો કહેવાય. મનમાં પણ સામા વ્યક્તિ પ્રત્યે દ્વેષ કે તિરસ્કારભાવ ન લાવવો.

**(૧૩) વધપરીષહ :** કોઇપણ વ્યક્તિ આપણને લાફો મારે, લાત મારે કે લાકડી મારે ત્યારે એ મારનાર ઉપર દ્વેષ કર્યા વિના સમતા રાખવી. 'લાતો કે ભૂત બાતોસે નહિ માનતે' એવું લૌકિક વિચાર કરીને સામે મારવું તો નહિ જ પરંતુ કોઇ પત્થર મારે તો હું સામે ફુલ ન ફેંકુ તો શું કરું !' એ કાવ્યપંક્તિ પ્રમાણે એની પાસે પત્થર છે તો એ પત્થર મારે છે, મારી પાસે ફુલ સિવાય બીજું કંઇ છે જ નહિ તો હું એને ફુલ આપું છું. આ વધપરીષહ સહન કર્યો કહેવાય.

**(૧૪) યાચનાપરીષહ :** આ મુખ્યત્વે સાધુ માટે આહાર. ઔષધ-વસ્ત્ર-પાત્ર વિ ની યાચના માટે છે. યાચના એટલે માંગણી કરવામાં શરમ કે અહંકાર રાખ્યા વિના યાચના કરવી. શ્રાવક માટે તો માંગવા માટે હાથ લાંબો કરવો એ શરમ છે, આપવા માટે હાથ લંબાવવો એ ગૌરવ છે. પ્રાંગવું અને મરવું બન્ને બરાબર છે. છતાં માંગવું જ પડે તો કોની પાસે માંગવુ, શું માંગવું, કેટલું માંગવું, ક્યારે માંગવું વિ. વિવેક જોઇએ.

આપતા પહેલા એકવાર વિચાર કરવો, લેતા પહેલા બે વાર વિચાર કરવો અને માંગતા પહેલા સો વાર વિચાર કરવો.

**(૧૫) અલાભપરીષહ :** લાભાંતરાય કર્મનો ઉદય હોય તો ધન વિ. નો લાભ ન થાય. ગમેતેટલી મહેનત કરવા છતાં ધાર્યો લાભ ન થાય. ઓછો થાય ત્યારે દીનતા ન કરવી કે ક્રોધ ન કરવો આ મારા કર્મનો ઉદય છે એમ સ્વીકારીને સમતા રાખવી.

**(૧૬) રોગપરીષહ :** શરીરમાં નાના મોટા કોઇપણ રોગ થાય ત્યારે રોગ દૂર કરવા માટે સુયોગ્ય ઉપચાર કરે પરંતુ એની ચિંતા ન કરે. ક્યારે દૂર થશે કે નહિ ? આ રોગ મને ક્યાંથી આવ્યો ? વિ. આર્તધ્યાન કર્યા વિના સમતા રાખીને સહન કરવું પોતાની આહાર-વિહાર-આધાર વિરાટની ભૂલ હોય તો સુધારે અને પૂર્વભવમાં બાંધેલા કર્મો ઉદયમાં આવ્યા છે એમ વિચારી સમતા રાખે.

# સ્મરણાંજલી



જન્મ:
૦૬.૧૧.૧૯૪૪

સ્વર્ગવાસ:
૦૩.૧૧.૨૦૧૯

## સ્વ. હસુમતી મનોજ વોરા

બસ ઇચ્છા એટલી કે એ મોક્ષગામી બને,
પામે કેવળજ્ઞાન ને અંતર્યામી બને !!

દૂર થાય તિમિર અજ્ઞાનતણાં ને પરમજ્ઞાની બને,
ભક્તિ કરતાં કરતાં ખુદ જગતસ્વામી બને !!

પ્રેમ છે, લાડ છે ને ગર્વ છે મને કે એ મુજ માતા હતી,
હવે પરમતત્ત્વ મળે ને એ જગત જનની બને !!

આકાશ, ક્ષિતિજ, ચાંદ, સૂરજને સમયની પણ પેલે પાર
બ્રહ્માંડના એ શાશ્વત ક્ષેત્રે પરમધામી બને !!

**લિ. હેમાંશુ મનોજ વોરા**

**વલ્લભદાસ માધવજી વોરા પરિવાર**

Ajay S. Sheth
Cell.: 98200 81063

TRIMITI

R K E

# R. K. ELECTRICALS

Sole Selling Distributors :
TRIMITI Brand Flame Proof Electric Fittings

19, Tavawala Bldg., 1st Floor, 147, K. M. Sharma Marg,
Lohar Chawl, Mumbai - 400002.

Tel.: 2206 3982 • 3003 7245 • Tel Fax : 2208 7044
E-mail : rkeflp@gmail.com

# દીપોત્સવી અંકના સૌજન્ય દાતા

## શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર



શ્રી માણેકલાલ ઝવેરચંદ વસા



કુશાગ્ર બુદ્ધિ, ચાતુર્ય, સાહસ, ધૈર્ય અને બાહુબળ વડે સખત પરિશ્રમ અને પ્રારબ્ધના બળે મુંબઈની ધરતી પર પગ મૂકીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી છે એવા સમાજના ટોચના આગેવાનોમાં શ્રી માણેકલાલ ઝવેરચંદ વસાનું નામ તેજસ્વી તારકની જેમા સદૈવ ચમકતું રહેશે.

શ્રી માણેકલાલ વસાનો જન્મ તા. ૧૨-૧૨-૧૯૨૨ના થયો હતો અને તા. ૧૫-૭-૧૯૯૪ના ચિરઃવિદાય લીધી હતી. મૂળ વતન પાટણવાવ, પરંતુ મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવી હતી. શ્રી માણેકલાલભાઈએ મુંબઈમાં આવીને સખત પરિશ્રમ અને પુરુષાર્થ વડે જીવનનું ઘડતર કર્યું હતું. મહેનત, બુદ્ધિબળ અને નસીબયોગે તેમણે ઉત્તરોત્તર ધંધામાં સફળતા હાંસલ કરી હતી અને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રી માણેકલાલભાઈએ સામાન્ય અદના માનવી તરીકે શરૂઆત કરીને શૂન્યમાંથી સર્જન કર્યું હતું. કટલરીના નાના એવા ધંધાથી શરૂઆત કરીને પોતાના વેપારી સામ્રાજ્યને વિસ્તારીને એક મોટું વટવૃક્ષ બનાવી દીધું હતું. જર્મનીની ખ્યાતનામ કંપની બી.એસ.એફ.ની એજન્સી મેળવી હતી અને કેમિકલ્સના વ્યવસાયમાં તેમના સ્થાનને વધુ મજબૂત બનાવ્યું હતું. મુંબઈમાં હિમાલય હાઉસ ખાતે હેડઑફિસ ઉપરાંત મદ્રાસ, બેંગલોર, કોચીન, અમ્બુર, વનિયમવાડી, રાણીપેઠ વગેરે સ્થાને બ્રાન્ચ ઑફિસો શરૂ કરી હતી. તેમણે સ્થાપેલી અને વિકસાવેલી કંપનીઓમાં ઇન્ડકેમ માર્કેટિંગ કોર્પોરેશન, મિહિર કેમિકલ્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., ઇન્ડકેમ ડિસ્ટ્રિબ્યુશન પ્રા. લિ., ઇન્ડકેમ ડિસ્ટ્રીબ્યુટર, મિહિર ડાયકેમ, એમ. નરેન્દ્રકુમાર ઍન્ડ કાં. વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી માણેકલાલભાઈ વસાએ લક્ષ્મી મેળવી હતી અને તેનો સદ્‌ઉપયોગ કર્યો હતો. તેમનું સમગ્ર જીવન સેવા અને સમર્પણનો ઇતિહાસ છે. તેમનો માયાળુ પ્રેમાળ સ્વભાવ અને બીજાને માટે કાંઈક કરી છૂટવાની ભાવના અને બીજા માટે ભોગ આપવાની તૈયારી અને અંગત સુખના ભોગે સમષ્ટિ સુખની ઉદાત્ત ભાવના અને એ માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો નિરંતર યાદ રહેશે. શ્રી માણેકલાલભાઈ વસા આપણા સમાજના એક ઊંચા ગજાના માણસ હતા. તેમના જીવન અને કવનને શબ્દોમાં મૂલવી શકાય નહીં. તેમનું ચાર દાયકાનું સામાજિક અને જાહેરજીવન ધબકતું હતું. જ્ઞાતિમાંથી સમાજ બન્યો, આપણો સામાજિક માહોલ ઘડાયો. જીવનમાં સમૃદ્ધિનાં મંડાણ થયાં. શ્રીમંતાઈ આવી, સામાજિક ભાવના અને ઉદારતાનાં દર્શન થયાં. સામાજિક મોભો, ગૌરવ, વિનય, વિવેક, આદર-સત્કાર, હોંશ અને કાંઈક સુંદર વિશિષ્ટ કરવાની જે તમન્ના ઊભી થઈ અને મુંબઈ શહેરમાં આપણી નાની એવી કૉમ્યુનિટીને જે સ્ટેટસ મળ્યું તેમાં મુ.શ્રી શ્રી માણેકલાલભાઈનો ફાળો નાનસૂનો નથી.

શ્રી માણેકલાલભાઈ મહાવીર જૈન વિદ્યાલયના ખજાનચી બન્યા હતા અને શિક્ષણના ક્ષેત્રે અનોખી સેવા બજાવી હતી. રાજકોટ ખાતેની દેવકરણ મૂળજી જૈન

બોર્ડિંગના વિકાસમાં તેમણે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી અને ટ્રસ્ટી તરીકે સેવા બજાવી હતી. તેઓ સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજના અગ્રગણ્ય આગેવાન હતા અને બીજી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમણે દે. મૂ. જૈન બોર્ડિંગમાં સારું એવું અનુદાન કર્યું હતું. આ ઉપરાંત તેમની સ્મૃતિમાં તારાચંદ બાપા હૉસ્પિટલ – સાયન ખાતે રૂા. ૧૧ લાખનું અને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહમાં રપિયા અઢી લાખનું દાન કરવામાં આવ્યું છે. તેમણે સૌરાષ્ટ્ર અને ખાસ કરીને પાણવાવ ખાતે જુદી જુદી શૈક્ષણિક, ધાર્મિક અને તબીબી સંસ્થાઓને ઉદાર હાથે અનુદાન કર્યું હતું. મુંબઈની જુદી જુદી જૈન સંસ્થાઓને પણ તેમની ઉદારતાનો લાભ મળ્યો હતો. સો. વિ. જૈન સમાજના જરૂરિયાતવાળા લોકોની રહેઠાણ યોજના માટે તેમણે સારુંએવું અનુદાન કર્યું હતું.

મુ. શ્રી માણેકલાલમાં કોઈપણ જાતની મોટાઈ કે અભિમાન નહોતાં. સરળ મૈત્રીભર્યા સ્વભાવને કારણે તેમણે આસપાસના વર્તુળોમાં અનહદ ચાહના પ્રાપ્ત કરી હતી. દરેક વ્યક્તિ પ્રત્યે તેમને સમભાવ હતો. દરેક  પ્રશ્નને તેના ખરા સંદર્ભમાં સમજવાની અને મૂલવવાની તેમનામાં કુનેહ અને સૂઝ હતી. તેમની આ સૂઝ અને ઉદારતાનો લાભ સમાજની અનેક સંસ્થાઓ અને લોકોને મળ્યો હતો. તેઓ માણસપારખુ હતા. સામા માણસને ઓળખવામાં અને સમજવામાં તેમણે કદી થાપ ખાધી નહોતી. તેણે મોટાથી નાના સુધીના તમામ માણસો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા હતા અને વિકસાવ્યા હતા. આવા વ્યાપક મૈત્રીભર્યા સંબંધો અત્યારના જમાનામાં જાળવી રાખવા મુશ્કેલ બને પરંતુ તેઓ સૌ કોઈના મિત્ર બની શક્યા હતા અને સૌનાં સુખ–દુઃખમાં ભાગીદાર પણ બની શક્યા હતા. સારા–માઠા પ્રસંગોએ તેઓ સંબંધિત વ્યક્તિઓના ઘેર પહોંચ્યા વગર રહે નહીં. તેઓ વ્યવહારકુશળ અને વ્યવહારદક્ષ માનવી હતા.

તબીબી અને શૈક્ષણિક ક્ષેત્રે જરૂરિયાતવાળા માણસોને બનતી સહાય કરવી એ મુ. શ્રી માણેકલાલભાઈનો સંકલ્પ હતો. જરૂરિયાતવાળા માણસને હૉસ્પિટલમાં દાખલ કરવાથી માંડીને એક સ્વજનની જેમ દેખભાળ કરવાનું કાર્ય તેમણે વર્ષો સુધી કર્યું હતું અને દીન–દુઃખિયાનાં આંસુઓને લૂછ્યાં હતાં. કોઈપણ કામ માટે માણેકલાલભાઈને ફોન કરો અને તે ન કરી આપે એવું કદી બન્યું નહોતું. આ કામ મારાથી નહીં થાય કે આ કામ અશક્ય છે એવો શબ્દ તેમની ડિક્ષનરીમાં હતો નહીં. કોઈપણ કામ હસતે મોઢે કરી આપવું, તે માટે કોઈ પણ જાતની આભારની–માનની અપેક્ષા રાખવી નહીં એ તેમનો સ્વભાવ હતો. તેમને ઉદ્યાગપતિઓ, વેપારીઓ, સરકારી અમલદારો અને પોલીસ અફસરો સાથે તથા પત્રકારો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. આ બધા સંબંધોના કારણે ઉચ્ચકક્ષા સુધી તેમની પહોંચ હતી અને કોઈપણ કામ તેઓ કરાવી શકતા હતા. આ માટે જશ મળે એવી પણ તેમને અપેક્ષા નહોતી. સામા માણસની મુશ્કેલી દૂર થાય, દુઃખી માણસ હળવાશ અનુભવે એમાં તેમને આનંદની અનુભૂતિ થતી હતી. બીજાનું દુઃખ જોઈને તેઓ દ્રવી જતા હતા. તેઓ ખૂબ જ લાગણીશલ, સંવેદનશીલ વ્યક્તિ હતા. કેટલીક સાચી વાત વિનયપૂર્વક કહેવાની તેમની આગવી સૂઝ હતી જેથી સામા માણસને માઠું લાગે નહીં અને પરિસ્થિતિની ચોખવટ થાય. તેમના આવા વલણને કારણે તેમને ભાગ્યે જ કોઈની સાથે મતભેદો થયા.

મુ. શ્રી માણેકલાલભાઈને સાહિત્ય, વાંચન અને ચર્ચા–વિચારણામાં ઊંડો રસ હતો. તેમની પાસે શ્રેષ્ઠ ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ હતો. વાંચનમાં કાંઈ સારું લાગે તો તેનું કટિંગ સાચવીને રાખતા હતા. જીવનના તમામ વિષયો – રાજકારણથી માંડીને ધર્મ સુધીની બાબતોમાં તેઓ રસ કેળવી શક્યા હતા. જે કાંઇ વાંચે, વિચારે તેનું ઊંડું મંથન પણ કરતા હતા. દરેક પ્રશ્નને ઊંડાણથી સમજીને તેનો તાગ કાઢવાનું તેમનું વલણ હતું. જીવનનાં રહસ્યો અને આંટીઘૂંટીઓને તેઓ સાચી રીતે સમજી શક્યા હતા.

મુ. શ્રી માણેકલાલભાઈએ હોદ્દાનો કે ઊંચા આસને બેસવાનો કદી મોહ રાખ્યો નહોતો. તેમનામાં ઉદાર દિલ અને નેક ભાવના હતાં. જરૂરિયાતવાળા માણસો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ તેમના હૈયામાં હતી. સમાજના લોકો ખૂબ ખૂબ પ્રગતિ સાધે અને જીવનમાં ઊંચા આવે તેવી એમની ભાવના હતી અને આ અંગે જીવનભર તેમના પ્રયાસો રહ્યા હતા.

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે ...

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે ...

એ ભાવનાને ચરિતાર્થ કરનાર મૂઠી ઊંચેરા માનવીને કોટિ કાટિ વંદના ...

# દીપોત્સવી અંકના સૌજન્ય દાતા

## પ્રેમ, સ્નેહ, કર્તવ્યપરાયણતા અને કુટુંબભાવના



સ્વ. નર્મદાબેન માણેકલાલ વસા

શાંત, સરળ, મિલનસાર સ્વભાવ અને સૌ પ્રત્યે પ્રેમ અને કુનેહની લાગણી, દુઃખી અને પીડિતો માટે કરુણાની ભાવના ધરાવતાં સ્વ. નર્મદાબેન માણેકલાલ વસાએ કુટુંબ એન પરિવારમાં આદરભર્યું સ્થાન મેળવ્યું હતું.

એક આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને ઘરનાં મોભી તરીકે તેમણે સુપેરે જવાબદારી નિભાવી હતી અને પરિવારના તમામ સભ્યો પ્રત્યે પ્રેમ વર્ષાવ્યો હતો. બહોળું કુટુંબ, કૌટુંબિક વહેવારો, સામાજિક જવાબદારી આ બધામાં ક્યાંય પણ ઓછું ન આવે એની તકેદારી અને દરેક કાર્ય દીપી ઊઠે તેનો તેમણે પૂરો ખ્યાલ રાખ્યો હતો.

ઘર ચાર દીવલોથી બનતું નથી. ગૃહિણી માત્ર ઘરની શોભા નથી, પરંતુ સંસ્કારની દાત્રી છે. તેમણે સંતાનોને એવા સંસ્કાર આપ્યા હતા કે તેઓ મર્યાદા અને આમન્યા ભૂલે નહીં, વિવેક રાખે અને સૌ પ્રત્યે આદર જાળવે. આ સંસ્કાર વારસાનાં આપણને તેમના પરિવારમાં દર્શન થાય છે.

સ્વ. નર્મદાબેન બહુ ભણેલાં નહોતાં. ઘણી મુશ્કેલીઓ વેઠી હતી, પરંતુ કદી હિંમત હાર્યાં નહોતાં, ધૈર્ય ગુમાવ્યું નહોતું. કુટુંબ પ્રત્યેની ફરજ ચુકાઈ નહોતી. જીવનમાં સારા દિવસો આવ્યા પરંતુ કશું અભિમાન નહીં. કશી મોટાઈ નહીં. ખૂબ જ નિખાલસતા, કડવું કદી બોલવું નહીં, કોઈની ટીકા કરવી નહીં અને કર્તવ્ય નિભાવ્યે જવું એ તેમનો શ્રેષ્ઠ ગુણ હતો.

જિંદગીમાં તડકા-છાયા બધું જોયું હતું. તેઓ બધામાં ખુશ હતાં. ગમે તે પરિસ્થિતિમાં આનંદમાં રહેવું, પોતાના દુઃખનો કોઈને અણસાર આવવા ન દેવો, બીજાના સુખેસુખી અને બીજાના દુઃખેદુઃખી એવો તેમનો માયાળુ સ્વભાવ હતો.

કોઈને પણ દુઃખી જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠતું હતું. તેઓ પોતાનાથી બનતું બધું કરી છૂટતાં હતાં. ઉદાર દિલ, નેક ભાવના, બધાનું સારું જોવું આ બધા ગુણોને કારણે તેમણે પરિવાર અને સ્નેહીજનોમાં અપાર ચાહના હાંસલ કરી હતી.

કુટુંબની પ્રગતિ, વિકાસ અને સફળતામાં પડદા પાછળ તેમનો બહુ મોટો હાથ હતો. આજે સ્વ. માણેકલાલભાઈ વસાનો પરિવાર પ્રગતિના શિખર પર છે, તેનો યશ પણ પૂ. નર્મદાબેનને જાય છે. કુટુંબને તેમણે એક તાંતણે રાખ્યું હતું. પ્રેમ, સ્નેહ, કરુણા અને કર્તવ્યપરાયણતા દ્વારા તેમણે જીવનનો સાચો ધર્મ બજાવ્યો હતો.

*With Best Compliment From*

**Rashmin Patva**

**Tel.: Off.: 2240 3432 / 4978 4130**
**Cell.: 98215 80130 / 80805 80130**

# PALLAVI ARTS

20/24, Pragaji Drindavan Co. Op. Society,
1st Floor, Old Hanuman Lane, Mumbai - 400 002.

Shop No. 11, Botawalla Bldg.,
Gr. Floor, 27/31, Old Hanuman Lane,
Mumbai - 400 002.

46, Chandra Bhavan, Shop No. 27, 1st Floor,
Old Hanuman Lane


High Speed Surface Finishing
• Deburring • Descaling
• Ra Improvement • Mirror Polishing
Disc Finishing Systems
Fully Automatic.
Disc Finishers are 15 to 20 times powerful than Vibration Machines.
The most versatile equipments applicable from Needle Roller to Engine Block.
Vibro Fin
Complete Surface Finishing
* Deburring * Edge-radiusing * Descaling
* Smoothening * Pre-anodise / Pre-paint finishing
* Pre-Powder coating / Pre-plate finishing / Matt finishing,
* Ra / Rz value improvement * High Glass Finishing
Director
Manish Shah
Super Fin
Centrifugal Finishing Machine
Removable / Fixed Barrels
SUPER-FIN range of finishing Machines enjoy market leadership due to its unmatched performance. The powerful rubbig action under 8 to 10 G Pressure. Quality Media and Effective finishing Co.poung give Excellent Surface quality in minimum process time.
Director
Aniket Shah
SMS
S.M. Systems Pvt. Ltd.
A-297, Road 16-Z, Wagle Industrial Estate, Thane (W), Mumbai, Pin: 400604
Cell : 0876 705 8666 / 0985 090 1951
The Largest Manufacturer Of Vibro Machines In India

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં. ૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨
**ફોન : ૦૨૨-૨૨૦૬૯૧૭૨**
સમય : બપોરે ૧-૦૦થી સાંજે ૬-૦૦ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com
svjainsamajmumbai
**તંત્રી : શ્રીમતી કિર્તીબેન મયુરભાઈ મહેતા**
મો. ૯૨૨૪૭૭૧૨૩૮
**સહતંત્રી : શ્રી નિખીલ કિશોરભાઈ શાહ**
મો. ૯૬૧૯૬૧૯૯૯૭

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા -------------------- પ્રમુખ
શ્રી ગિરીશભાઈ કાંતિલાલ પારેખ ----------------- ત.ભ. પ્રમુખ
શ્રી ગુણવંતભાઈ વૃજલાલ મહેતા ------------------ ઉપ-પ્રમુખ
શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા ------------------ માનદ્‌મંત્રી
શ્રી દીક્ષિતભાઈ નટવરલાલ માઝની -------------- માનદ્ સહમંત્રી
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ------------ માનદ્ ખજાનચી
શ્રી જયંતભાઈ ચુનિલાલ દોશી ---------------- માનદ્ ખજાનચી
શ્રી અનિલભાઈ ગુલાબચંદ મહેતા ---------------------- સભ્ય
શ્રી અશોકભાઈ દલિચંદ ભણશાલી---------------------- સભ્ય
શ્રી નિખીલભાઈ કિશોરભાઈ શાહ ---------------------- સભ્ય
શ્રી પિયુષભાઈ હરકિશનદાસ શાહ---------------------- સભ્ય
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર --------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા --------------------- સભ્ય
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ----------------------- સભ્ય
શ્રીમતી નીતાબેન પરેશભાઈ શેઠ -------------- કૉ. ઓપ્ટ સભ્ય
શ્રીમતી દીપ્તિબેન દીક્ષિતભાઈ માઝની----------- કૉ. ઓપ્ટ. સભ્ય

**સલાહકાર સમિતિ**

**શ્રી શ્રીકાંતભાઈ સાકરચંદ વસા - શ્રી પ્રવીણભાઈ હિંમતલાલ સંઘવી**
**શ્રી મહેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર - શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER : Bank of Baroda, J. J. Market, Mumbai-3**
**S. B. A/c No. 03870100000044**
**IFSC : BARBOBULLIO MICR : 40012047**

**કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે**

**લવાજમના દરો** **ભારતમાં**
વાર્ષિક : રૂા. ૧૦૦/- આજીવન રૂા. ૧૫૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : U.S. 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ **નીતિનભાઈ બદાણી અરિહંત પ્રિન્ટિંગ પ્રેસ**
સાઈબાબા નગર, ૩૧૦ ત્રિકાલ બિલ્ડિંગની પાછળ,
નાયડુ કોલોની પાસે, પંતનગર, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૫
**ફોન : ૯૨૨૩૪૩૦૪૧૫**

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી**
**અંક - ૧૧ ⊙ વર્ષ : ૪૮ ⊙ નવેમ્બર ૨૦૨૦ ⊙ મૂલ્ય રૂા. ૮**

## સનેડો

સનેડો સનેડો પ્રભુ તારો સનેડો
સનેડો સનેડો પ્રભુ તારો સનેડો
શેરીશેરી હું ફર્યો ફર્યો ગામેગામ (૨)

શહેરશહેર ફરી વળ્યો તોય ન દીઠો ક્યાંય...સનેડો
મંદિર ગયો, મસ્જિદ ગયો, ગયો ગુરુદ્વારા (૨)

ચોરે ને ચૌટે ગયો તોય ન દીઠો ક્યાંય...સનેડો
સાધુ-સંતોને મળ્યો, મળ્યો પૂજારીને (૨)

મુલ્લ-પાદરીને મળ્યો, તોય ન મળ્યો તું
ક્યાંય...સનેડો
ગંગા નાહ્યો, જમના નાહ્યો, સરસ્વતીમાંય (૨)

હરદ્વાર જઈ નાહી આવ્યો, તોય ન દીઠો
ક્યાંય...સનેડો
પર્વત ગયો, જંગલ ગયો, ગયો હિમાલયમાંય (૨)

ગિરનાર ચડી આવ્યો તોય ન દીઠો ક્યાંય...સનેડો
ફરીફરી જગ ફર્યો આવી સૂતો ઘરે (૨)

સપનામાં સરી પડ્યો ન જાણે ક્યારે પડ્યું
ભોર...સનેડો
હું-તુંની ઝંઝટ મહીં, ભૂલ્યો હું અને તું (૨)
હું અને તું ભૂલી જતાં, રહ્યા ન હું કે તું...સનેડો

**લલિત ઠક્કર**

# અઢાર(૧૮)મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. જસુમતીબેન ઝવેરીલાલ કોરડિયા**

સ્વર્ગવાસ : કારતક સુદ-૧૪, તા. ૧૯-૧૧-૨૦૦૨

*મૂળ વતન : ખારચીયા (વાકુંના), હાલ : મુંબઈ, બોરીવલી*

**હૃદય અમારા રડી પડે છે જોઈ તસવીર આપની**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની**
**હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી**
**સમતા અને મમતા નમતા અને ખમતા સહનશીલતા**
**અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં.**

પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...
પુત્ર તથા પુત્રવધૂઓ

મીના યોગેશ કોરડિયા તથા પુત્ર : અભય
સોનલ નિલેશ કોરડિયા તથા પુત્ર : તારણ
પૂજા કમલેશ કોરડિયા તથા પુત્ર : કૃણાલ અને પુત્રી કેલી
પુત્રી : પ્રીતિ નિતીન તથા આદિત તથા કેવીન

**હ. ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડિયા**

# મહામારી અંગે સામે મહાત્મા ગાંધીજીની સલાહ

■ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

આજે આખું વિશ્વ અને સવિશેષ ભારત કોરોના મહામારીથી ઘેરાઇ ગયું છે. ત્યારે સ્વાભાવિક રીતે જ આવી મહામારીના પૂર્વ અનુભવો તરફ સહુની નજર જાય. મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કાળી મરકી ફાટી નીકળી, એ સમયે એમણે કરેલી કામગીરીની વાત 'સત્યના પ્રયોગો' (પૃ. ૨૬૬-૨૭૩)માં આલેખી છે. પરંતુ એ સાથે ઇ.સ. ૧૯૧૭માં આવી મહામારી સમયે કેવી સાવધાની રાખવી જોઇએ એ વિશે એક લેખ લખ્યો હતો. આને આજે એકસોથી વધુ વર્ષ વીત્યા હોવા છતાં મહાત્મા ગાંધીજીએ મહામારી સામેની સાવધાની માટે આપેલી સલાહ એના ઉપચાર પ્રસ્તુત લાગે છે.

૧૯૧૭ની ૬ ડિસેમ્બરે નડિયાદથી લખેલા લેખમાં તેઓ પહેલી વાત એ કહે છે કે માનવીનું લોહી જો શુદ્ધ હોય, તો એનામાં પ્રત્યેક રોગના કિટાણુઓને નષ્ટ કરવનીી શક્તિ હોય છે અને તેથી ગમે તેટલી ભયંકર મહામારી વચ્ચે પણ આપણે રક્તશુદ્ધિને કારણે સ્વસ્થ અને સુરક્ષિત રહી શકીએ છીએ. એ પછી તેઓ રક્તશુદ્ધિના ઉપાયો બતાવતા કહે છે કે વ્યક્તિએ હંમેશા ઓછું અને નિયમિત ભોજન કરવું જોઇએ. અત્યંત ચરબીયુક્ત, ગળ્યા અથવા ચટપટા ખોરાકથી દૂર રહેવું જોઇએ અને સૂતા પહેલાં ઓછામાં ઓછાં ત્રણ કલાક તો માણસે કશું ખાવું જોઇએ નહીં. તેઓ કહે છે કે હવા પણ આપણો ખોરાક હોવાથી બારી-બારણા ખુલ્લા રાખીને સૂવું જોઇએ. આ અંગે અંગે વધુ સલાહ આપતા તેઓ કહે છે કે ચાદર ઓઢીને સૂવું જોઇએ નહીં. શ્વાસ મોંથી નહીં, પણ નાકથી લેવો. નાકથી શ્વાસ લેવાથી શરદી લાગવાની સહેજે સંભાવતા રહેતી નથી. પાણી સાફ હોવું જોઇએ અને હંમેશાં ઉકાળેલું અને મોટા કપડાંથી ગાળેલું પાણી પીવું જોઇએ. વસ્ત્રો ખૂબ સાવદાનીથી ધોવાં જોઇએ તેમજ ઘડો અને લોટા વગેરે રોજેરોજ અંદરથી બરાબર સાફ કરવા જોઇએ. બે કલાક ચાલવાથી જેટલો શ્રમ થાય છે, એટલો શ્રમ ધરાવતી કસરત પ્રત્યેક વ્યક્તિએ કરવી જોઇએ.

આ પછી ગાંધીજી ઘર અને એની આસપાસના વાતાવરણને કઇ રીતે સ્વચ્છ રાખવું, તેની ઝીણામાં ઝીણી સલાહ આપે છે. વળી પ્લેગ ઉંદરથી થતો હોવથી ઉંદરના દર અંગે એવી ટકોર પણ કરે છે કે આપણી આળસને કારણે ઉંદરો ઘરમાં દર બનાવીને રહેતા હોય છે. એક એવો પણ ઉપાય બતાવે છે કે ઘરમાં બિલાડી પાળી હોય, તો ઉંદર આવતા નથી. એ પછી આ મહામારીના મુખ્ય કારણરૂપ આપણી અત્યંત અસ્વચ્છ શૌચ ક્રિયાને ગણાવે છે.

એ કહે છે કે રસ્તામાં ગમે ત્યાં મૂત્રવિસર્જન કરવું, થૂંકવું, છાણ અને બીજો કચરો ફેંકવાથી હવા દૂષિત થાય છે. એના ઉદાહરણરૂપે કહે છે કે કોઇક ટીબી ધરાવતો વ્યક્તિ રસ્તામાં થૂંકે, તો બીજા લોકોને પણ એનો ચેપ લાગે છે અને સ્વચ્છતા અંગે ભાર મૂકતાં તેઓ કહે છે.

'આપણા રસ્તાઓ, આપણી ગલીઓ અને આપણું આંગણું એટલું સ્વચ્છ હોવું જોઇએ કે ત્યાં બેસતાં સહેજે હિચકિચાટ થવો જોઇએ નહીં,'

આમ મહામારીથી બચવા માટેના છ રસ્તા બતાવ્યા પછી મહાત્મા ગાંધીજી એના ઉપચારની વાત કરે છે અને મહામારી જ્યાં ફેલાઇ ગઇ છે, તેને કઇ રીતે રોકી શકાય એની વાત કરે છે. જો પ્લેગ ફેલાઇ ગયો હોય, તો શું કરવું ? ઘરની દીવાલો અને ઘરનાં ખૂણેખાંચરે કેવી સ્વચ્છતા રાખવી. વળીી ઘર સાફ કર્યા પછી પણ એને છોડવું પડે, તો ખુલ્લા મેદાનમાં તંબુ તાણીને કે છૂંપડી બનાવીને રહેવાનું સૂચન કરે છે. ગામની અન્ય વ્યક્તિઓને સ્પર્શ ન કરવો અને વસ્તુઓ વગેરે ખરીદતી વખતે દુકાનદાસ સાથે સાવધારીપૂર્વક વ્યવહાર કરવો. આજે પણ  કોરોના સંક્રમણથી બચવા આ જ વાત થાય છે ને !

આજે ઘરને સેનેટાઇઝ કરવાની વાત ચાલે છે. તો એકસો વર્ષ પૂર્વે એ સમયે ગાંધીજીની સલાહ પ્રમાણે વ્યક્તિએ પોતાના આખા ઘરને સ્વચ્છ કરવું જોઇએ. ઘરનો બધો સામાન બહાર કાઢીને

# ૩૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. વૃજકુંવરબેન ચુનિલાલ મહેતા

**સ્વર્ગવાસ : કારતક વદ ૧૧, તા. ૨૩-૧૧-૧૯૮૯**

સરવાણી વહે નિત્ય જ્યાં સ્નેહની મમતા હોય સર્વત્ર જ્યાં સમભાવની
પ્રેમ, સ્નેહ અને કરુણાના સાગર જેવા અમારા
મંગલમૂર્તિ વહાલસોયા માતુશ્રીએ સરળતા અને સહજતાથી જીવન જીવીને
અમારા જીવનનું ઘડતર કર્યું હતું અને અમને શ્રેયના પંથે દોર્યા હતા.
તેમનું તર્પણ સદૈવ અમારા હૈયે રહેશે.
અમારું સ્વર્ગ અમારી માતાના ચરણોમાં.
પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે.
સમસ્ત મહેતા પરિવાર

**-: સૌજન્ય :-**

**પ્રમોદકુમાર ચુનિલાલ મહેતા**

બી-૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, ૭મા માળે, કરાણી લેન,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.

**ફોનઃ ૦૨૨-૨૫૦૨૦૫૦૪ - મોબાઈલ : ૯૨૨૪૪૨૭૮૯૯**

ઉંદરોની શોધ કરવી જોઇએ. એમાં કોઇ ઉંદર મરેલો દેખાય તો ઘરની બહાર રહેવું જોઇએ. ઘરમાં ચૂનો લગાવવો જોઇએ અને હવાની પૂરતી આવનજાવન ન હોય તો ઘરમાં જરૂરી ફેરફાર કરવો જોઇએ તેમજ ઘરની આસપાસ સફાઇ જળવાઇ રહે તેવા ઉપાયો કરવા જોઇએ. જો પડોશીઓનાં ઘર સાફ ન હોય તો એવી તજવીજ કરવી જોઇએ કે જેથી એમનાં ઘર પર સાફ રહેવા લાગે.

આજે જેમ કોરોના મહામારીથી સંક્રમિત દર્દી ઘણો ગભરાયેલો જોવા મળે છે, તેમ એ સમયે પ્લેગના રોગથી પણ ચોતરફ ભય ફેલાયેલો હતો. ગાંધીજી કહે છે કે પ્લેગના રોગીની સેવાસૂશ્રુષા કરનાર વ્યક્તિ સિવાય બીજાએ એને મળવા જવું જોઇએ નહીં. એને એક એવા રૂમમાં રાખવો કે જ્યાં પુષ્કળ હવા અને અજવાળું હોય. જો સાર્વજનિક હૉસ્પિટલ હોય તો એને ત્યાં લઇ જવો જોઇએ. ભોજન એકદમ બંધ કરી દેવું જોઇએ. પ્લેગનાં ચિન્હો દેખાય કે તરત જ ખોરાક બંધ કરી દેવો અને ત્રણ કલાક પછી અને એનિમા આપવો. દર્દીને ઠંડા પાણીના ટબમાં બેથી વધુ મિનિટ અને જો એને પસંદ પડે તો પાંચ મિનિટ સુધી બેસાડવો. એના પગ અને છાતી વગેરે પાણીની બહાર રહે અને ઘૂંટણથી જાંઘ સુધીનો ભાગ પાણીમાં રહે તે જોવું જોઇએ. એને તરસ લાગે તો ઉકાળેલું, ગાળેલું, ઠંડુ પાણી એની જરૂરિયાત મુજબ આપવું. એ સિવાય અન્ય કોઇ પ્રવાહી આપવું નહીં.

મહાતત્મા ગાંધીજીની ઝીણવટ તો જુઓ! તેઓ કહે છે કે જો માથું બહુ ગરમ થઇ જાય, તો એના પર માટીનું પોતું અથવા તો ઠંડા પાણીનું પોતું રાખવુ જોઇએ. આટલો ઇલાજ કરવાથી મોટે ભાગે દર્દી મોતના ભયથી મુક્ત થઇ જાય છે. એ દર્દીને બીજા દિવસે ભૂખ લાગે તો લીંબુ અથવા નારંગીનો રસ ગરમ કે ઠંડા પાણી સાથે આપવો. તાવ ઊતરતાં જ દૂધ આપવાનું શરૂ કરવું. શરીરમાં ગાંઠ હોય તો ત્યાં ગરમ પાણીનું પોતં રાખવું. દસ ત્રીસ મિનિટે એને બદલવું. વળી આ રોગમાં હૃદય ઘણું નબળું થઇ જાય છે, માટે દર્દીને પૂરો આરામ આપવો.

દર્દ અને દર્દીની વાત ર્ક્યા પછી એની સારસંભાળ લેનારાઓને ગાંધીજી સૂચના આપે છે. તેઓ કહે છે કે, દર્દીની સુશ્રૂષા કરનાર વ્યક્તિએ બીજ વ્યક્તિઓથી અલગ રહેવું જોઇએ અને જેમાં બીજી વ્યક્તિઓના સંપર્કમાં આવવું પડે તેમ હોય, તો એવાં કામ છોડી દેવાં જોઇએ. આવી વ્યક્તિએ પણ પોતાના શરીરની રક્ષા માટે બહુ ઓછી માત્રામાં ખોરાક લેવો જોઇએ અને શરીરનું બરાબર ધ્યાન રાખવું જોઇએ. ચિંતા તો સહેજે કરવી નહીં. કદાચ આવી સુશ્રૂષા કરનારને કબજિયાત થઇ જાય, તો એનિમા લઇને આંતરડાંની શુદ્ધિ કરવી અને માત્ર ફળાહાર કરવો.

આવા રોગીનાં કપડાં કેવી રીતે અને ક્યાં ધોવા, એના ઉપાય પણ ગાંધીજી બતાવે છે. તેઓ કહે છે કે રોગીનાં કપડાં નદીમાં અથવા તો જ્યાં બીજાં લોકોના કપડાં ધોવાય છે ત્યાં ધોવા નહીં. રોગીનાં કપડાં સાબુવાળા ગરમ પાણીમાં ડૂબાડીને પછી ધોવા. જો એ અત્યંત ગંદા થઇ ગયા હોય, તો એને સળગાવી દેવા. દર્દીની રજાઇ કે ગોદડાંનો ઉપયોગ બીજી વ્યક્તિએ કરવો જોઇએ નહીં. જો એ ચોખ્ખાં હોય તો આઠ દિવસ સુધી રોજ એને તડકામાં સૂકવવા અને સાથોસાથ ગાંધીજી એમ પણ કહે છે કે એ એવી રીતે સૂકવવા કે જેથી એ રજાઇ કે ગોદડાં બંને બાજુથી તાપમાં તપી શકે. પરંતુ જો એને સળગાવી દેવાનું પોસાતું હોય તો એને સળગાવી દેવાં.

પૂર્વે દક્ષિણ આફ્રિકાંમાં થયેલી મહામારી સમયે ગાંધીજીએ પ્લેગનાં દર્દીઓને દવા આપી હતી, હિંમત આપી હતી, એમને પાણી પીવડાવવાની અને એમનાં મળમૂત્ર આદિની સફાઇ કરી હતી. એ સમયે પણ ગાંધીજીએ માટીના પ્રયોગ શરૂ ર્ક્યા હતા. અને અખબારોમાં મ્યુનિસિપાલિટીની બેદરકારી અને મહામારીના સમયનીવ એની જવાબદારીની ચર્ચા કરી હતી.

ગોરાઓને મળતી સારવાર અને હિંદુસ્તાનીઓ પ્રત્યેનો દુર્વ્યવહાર એમનો ખૂંચતો હતો. દક્ષિણ આફ્રિકાનો આ અનુભવ એમને ૧૯૧૭માં ભારતમાં ઉપયોગમાં આવ્યો અને ત્યારે ગાંધીજીએ એ સૂત્ર અપનાવ્યું - ‘લોકોને મહામારીથી બચવા માટેના સાધનો અને જ્ઞાન આપીને સરકારે પાછા હઠી જવું. લોકો પોતાની બુદ્ધિ અને કુશળતાનો ઉપયોગ કરીને દરેક સંકટનો વધુ સારી રીતે મુકાબલો કરી શકે છે, જો તેઓ નોકરશાહી, સ્વાથી રાજનીતિ અને ભ્રષ્ય વ્યવસ્થામાંથી નીકળી જાય તો.’

ગાંધીજીનું આ અનુભવસૂત્ર સાંપ્રત સમયે પણ વિચારપ્રેરક છે.

# આત્મનિર્ભરતા એટલે શું

પરેશ મણીલાલ શેઠ

આપણા માનનીય પ્રધાનમંત્રી દ્વારા આત્મનિર્ભર ભારતમાટે ૨૦ લાખ કરોડથી વધારેનું પેકેજ જહેર કરવામાં આવ્યું જે ખરેખર આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ ધન્યવાદ ને પાત્ર છે. તેમના દેશના વિકાસ માટેના અવરિત પ્રયત્નો દાદ માગી લે તેવા હોય છે, તેમા આપણાને કોઇને પણ શંકાને સ્થાન નથી પરંતુ જ્યારે આટલી મોટી વાત દેશમાં બને છે. ત્યારે તેની ચર્ચા-વિચારણા કરવી તેમજ સમાજના ઘણા લોકોને આ પ્રકારની ચર્ચા વિચારણ કરી ફાયદો થાય તેવો એક સનિષ્ઠ પ્રયાસ આ લેખ દ્વારા કરવાની ભાવના છે. તેમજ આ દિશામાં આપણે કંઇ રીતે નજર દોડાવી શકાય તેજ ભાવ સાથે મારા અનુભવો રજુ કરું છું. તેમજ આ લેખની શરૂઆતમાં ચીનની સારી બાજુ તેમજ ચીનના વિકાસની એક આછી ઝલકની રજુઆત કરું છું.

હું મારા ધંધાકીય વિકાસ માટે છેલ્લાં ૧૫ વર્ષમાં અનેક દેશની મુલાકાત લઇ ચુકેલ છું. તેમાં હુ ઘણી વખત ચીનના અનેક પ્રાંતની મુલાકાત લઇ ચુક્યો છું. ચીનની અનેક મુલાકાતો બાદ એટલું હું જરૂર કહી શકીશ કે આપણે ચીન જેવો એકાદ પ્રાંત કે રાજ્ય બનાવી દેશું તો તે ખરેખર આપણી મોટી ઉપલબ્ધી હશે, ચીન નું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ત્યાની આધુનિક ફેકટરીઓ તેમજ બહોળા પ્રમાણમાં ઉત્પાદનક્ષમતા. સરકારી સહયોગ તેમ જ ત્યાના લોકોની કાર્યક્ષમતા તેમજ સતત મહેનત કરવાની જીજીવિશા તેમજ ત્યાના મોટા શહેરો જેવા કે શાંઘાઇ શહેરનું આધુનિકરણ બધુ  અદ્‌ભુત-અદભુત-અદભુત.

ત્યારે આપણને જરૂર વિચાર આવે કે આ કેવી રીતે શક્ય છે? પણ આવુ આધુનિકરણ તો તેમના તમામ ક્ષેત્રોમાં અને વ્યવસ્થામાં છે.

ચીનની વિકાસગાથા ભારત માટે પ્રેરણારૂપ છે. તેઓનો વિરોધ કરવાથી કે તેમનો સામાન બાળવાથી આપણો વિકાસ નહી થાય તેના માટે આપણે જરૂર છે અથાગ પરિશ્રમની જ્યારે આપણે પરિશ્રમ કરવા તૈયાર થશું તેમજ અથાગ મહેનત કરવા માટેની આપણી માનસિક તૈયારી થશે તેમજ તે દિશામાં પ્રયાણ કરીશું તો ચોક્સ આપણે નવો રસ્તો કંડારી, શકીશું તેમજ સફળતા મેળવવાની ચાવી શોધી શકશું.

સૌથી પહેલા તો તમે ત્યારેજ સફળ બની શકો જ્યારે તમને પોતાને તમારી જાત ઊપર તમારી મહેનત ઊપર તેમજ તમારી કાર્યકુશળતામાં વિશ્વાસ રાખવો પડે અને જો તમે તમારી જાત ઊપરના વિશ્વાસથી, જો તમે તરબતોળ બની ગયા તો તમને સફળ બનતા દુનિયાની કોઇ તાકાત રોકી નહી શકે તેમજ જો તમારી દેખરેખ તમારા ઘરના વડિલો કે માતા-પિતા રાખતા હોય તો તેવોએ પણ તમારામાં વિશ્વાસ જગાડવાનું અવીરત કામ કરવું પડે. જો તેઓ આ કાર્યમાં નિષ્ફળ થશે તો સફળતા તમારાથી જોજનો દુર થઇ જશે માટે ઘરના વડિલો-કે પછી મા બાપ, તેમજ આજુબાજુનું વાતાવરણ આ બધુ તમારા માં વિશ્વાસ જગાડવામાં ખુબજ મોટી ભુમીકા ભજવી શકે તેમજ તમારી જાતે તમારી માનસિકતા મજબુત કરવી પડે, હું કોઇપણ પરિસ્થિતીનો સામનો કરવાની શક્તિ ધરાવું છે. તેમજ તમામ પ્રકારના વિરોધાભાસની સામે લડી સફળતા પ્રાપ્ત કરીનેજ રહીશ તેવી દૃઢ સંકલ્પ શક્તિ કેળવવી પડશે.

કયા પ્રકારના વિરોધાભાસ આવી શકે તેની હું આછેરી ઝલક અહીયા રજુ કરૂ છું.

વિરાધોભાસની જો કોઇ મહત્વની પ્રથમ કડી હોય તો ૧) અમલદારશાહી - આ વર્ગ એવા લોકોનો બનેલો છે જે તમારુ કોઇપણ પેપરવર્કથી માંડી કોઇપણ પ્રકારની પરમીશન આસાનીથી મેળવવામાં મદદ કરતો નથી. તમારો ઘણો સમય અમલદારોને જી સાહેબ કરવામાં નીકળી જતો હોય છે. ત્યાર પછી પણ માત્ર જી સાહેબથી છુટકારો મળતો નથી તેવોને દરેક કાર્યનું મહેનતાણુ (કમીશન) ચુકવવુ પડતુ હોય છે. તેવો દ્વારા તમોને થતી પરેશાનીથી કંટાળી તમોને રોજગાર-ધંધા બાબત દુર્ભાવ પેદા થાય છે. આ બાબત ભારતમાં બહુજ મોટા સુધારા માગી લે છે.

# શ્રદ્ધાસુમન



## લીલમબેન ધીરજલાલ માઝની

**ધોરાજી નિવાસી હાલઃ ચુનાભટ્ટી - મુંબઈ**
**જન્મઃ તા. ૧૯-૦૯-૧૯૪૦ સ્વર્ગવાસઃ તા. ૧૭-૧૧-૨૦૧૬**

હળવું હળવું તમારું અસ્તિત્વ ને

એમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ

સંકોરે છે એ પ્રેમાળ વદન,

જાણે તમે અહીં જ છો અમારી આસપાસ.

પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...

| | | |
|---|---|---|
| પુત્ર | : | **હરેશ, નરેશ** |
| પુત્રવધૂ | : | **હીના, વૈશાખી** |
| પૌત્ર | : | **હેમીત, જૈનીલ** |
| પુત્રી-જમાઈ | : | **કલ્પના અમીતકુમાર મોદી** |
| દોહિત્ર | : | **અમોલ, પ્રણવ** |

**સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

*રહેઠાણઃ ૨૦૩-૪૦૨, ગિરીશ વિહાર, ૨૯૨, વી. એન. પુરવ માર્ગ,*
*ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨*

**૨) સ્થાનિક પરીબળો** - પ્રથમ ચરણની માનસીક પાતનામાંથી વ્યક્તિ માંડ બહાર આવે ત્યા તેમને તરત સ્થાનિક લોકોની હેરાનગતી નો ભોગ બનવું પડે છે. ઘણા બધા રાજ્યોમાં સ્થાનિક લોકોની ગંભીર સમસ્યા છે. જેવીકે હપ્તા, તેમજ અનેક પ્રકારના લાગા દ્વારા વેપારીને પરેશાન કરતા હોય છે. સ્થાનિક લોકોની સમસ્યાને કારણે હજારો લોકોના ધંધા રોજગાર બંધ થયેલ છે. જે મેં તો મારી નજર સમક્ષ જોયેલ છે. આ સમસ્યાના મુળમાં ભયંકર પોલીટિક્સની ઝાળ ગુંથાયેલી છે. આત્મનિર્ભર માટે આ પ્રકારની સમસ્યા મુળમાથી દુર થવી જોઇએ.

**૩) મૂડીનો અભાવ** - ઘણા લોકોમાં કાર્યક્ષમતા હોય મહેનત કરવાની લગન હોય કંઇક નવુ કરવાની તમન્ના હોય, બુદ્ધીમત્તા હોય પણ મુડીની અછતને કારણે કે આર્થિક મુશ્કેલીને કારણે પોતાના અનેક પ્રકારની શક્તિનો ભંડાર હોવો છતા આત્મનિર્ભર નથી બની શકતા.

તેમજ માર્કેટમાંથી પૈસા ઉપલબ્ધ થતા નહોય તેમજ બેંકોનું મોટા ઔદ્યોગિક ગૃહ તરફી વલણ અનેક શક્તિઓ ને ખતમ કરી નાખે છે? ફાઇનાનસિયલ સિસ્ટમ તેમજ બૅંકોની ધીરાણ નિતી ખુબજ અટપટી અને મુશ્કેલ હોવાથી વિકાસની રાહ ઊપર ચાલતા અનેક લોકો પાછા ફરી જાય છે. તેમજ ઔદ્યોગિક ગતીવિધિમાં સામેલ થઇ શકતા નથી, સરકારી પોલીસી-અમલદારો તેમજ વહીવટકર્તા આ વિષમ પરિસ્થિતી માટે સંપૂર્ણ જવાબદાર છે.

સરકારે જો આત્મનિર્ભર ભારતની નીવ રાખવી હશે તો આ પરિસ્થિતી બદલવી પડશે. તેમજ નવા ઔદ્યોગિક ગૃહો તેમજ મુડીની પ્રવાહીતા માર્કેટમાં વધારવી પડશે. ઓછા વ્યાજે પૈસા ઉપલબ્ધ કરાવવા જોઇએ, તેમજ સાથેસાથે ટેક્સેશનનું ભારણ ઘટાડવું જોઇએ, તેમજ એક સરળ પ્રણાલી અપનાવવી જોઇએ, જેથી કરીને લોકોનો સમય બચશે તો તેવો પોતાની કાર્યપ્રણાલી સુધારી શકશે જે અંતે તો દેશના જ ફાયદામાં હશે.

**૪) સ્થાનિક બજારમા માંગ ઊભી કરવી** - સરકારે સ્થાનિક પરિબળો ને નજર સમક્ષ રાખી તે દિશામાં સખત પ્રયત્નો કરવા પડે જેથી કરીને બજારમાં માંગ પેદા થશે, માંગ પેદા થશે તો જ સ્થાનિક ઉદ્યોગો વિકાસ પામશે માટે લોકોનો આંતરરાષ્ટ્રીય બજારનો મોહ કેમ ઓછો થાય, તેમજ વિદેશી વસ્તુની સામે કે અવેજીમાં આપણી બજારમાં ઓછા નફે કામ થઇ શકે માટે ઉત્પાદકોને ભરપુર પ્રોત્સાહન આપવું જોઇએ, તેમજ વિદેશી વસ્તુની કિંમત સ્થાનિક બજારને મુકાબલે ખુબજ વધારે હોવી જોઇએ માટે વિદેશો વસ્તુઓ ઊપર કરનું ભારણ, કસ્ટમ ડયુટી તેમજ અન્ય પ્રકારે વિદેશી વસ્તુ મોંઘી બનાવવી જોઇએ. તેમજ સ્થાનિક બજારમાં ગ્રાહકો ઊભા કરવા માટે, પ્રચાર અને પ્રસાર માધ્યમોનો ઉપયોગ કરવો જોઇએ, જેથી કરી લોકોના મનમાં ઠસાવવું પડશે કે સ્થાનિક બજારમાં મળતા ચીજવસ્તુ વિદેશી વસ્તુની સામે ગુણવત્તામાં ઊચ્ચી છે. તો જ લોકો જે તે પ્રોડક્ટ સ્થાનિક સ્તરે વાપરવાનો આગ્રહ રાખશે તો જ આપણે આત્મનિર્ભરની નિવને મજબુત બનાવી શકીશું.

**૫) અવરોધક પરબળો સામે લડવાની ક્ષમતા** - કોઇપણ કાર્યની આપણે શરૂઆત કરીએ એટલે તે આસાનીથી નથી થવાનું તેમ સમજીને શરૂઆત કરવી જોઇએ, અનેક પ્રકારની મુસીબતોનો સામનો આપણે કરવાનો છે. જેમાં શરૂઆતની મુશ્કેલ, પ્રોડક્ટ બહાર પાડવી, માર્કેટીંગ કરવું માલનું વેંચાણ કરવું, નીચેની કોસ્ટમાં બનાવવું, તેમજ માર્કેટમાં ઉપલબ્ધ કરાવવું, મુડી રોકાણ તેમજ ધંધો ચલાવવા જરૂરી પૈસાની વ્યવસ્થા, સ્થાનિક લોકો દ્વારા આવતી સમસ્યાઓ, રાજકીય નેતાઓ દ્વારા કરાતા વિક્ષેપો, તેમજ અન્ય પ્રકારના સાધનો જેવા કે માલ ચઢાવવો, ઉતારવો, વહન કરવું અનેક સમસ્યાની સામે નવા સાહસિકોને અવગત કરાવવા તેમજ તેની સામે કેવી રીતે લડી શકાય તેની ટ્રેનીંગ આપવી જોઈએ, જેથી કરીને ઉત્પાદક દરેક સમસ્યાને સમજી ને સામનો કરી શકે તોજ તેઓ માર્કેટમાં ટકી ઉત્પાદન કરી શકશે માટે આ પણ આત્મનિર્ભર ભારત માટેનું મહત્વનું ડગલું છે.

આપણે આપણા દેશને આપણા ઉત્પાદકોને આપણી વસ્તુઓની ગુણવત્તાઓને જોવાનો નજરીયો બદલવો પડશે, તેમજ સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન થકી આપણે રોજગારી સર્જનમાં મહત્વની ભુમિકા ભજવી ગરીબ તેમજ નાનાવર્ગને મદદ રૂપ થઇ શકીશું તેમજ આત્મનિર્ભર ભારતનાં પાયાની આજ નિમ હોવી જોઈએ, તોજ સાચા અર્થમાં આપણે આત્મનિર્ભરતા તરફ પ્રયાણ કરી શકીશું.

# દિવાળી પર્વને સાંકળતી કથાઓનો સંકેત

■ ગુણવંત બરવાળિયા

ધનતેરસથી ભાઈબીજ સુધીનાં પાંચ પર્વોના સમૂહને આપણે દીપોત્સવી પર્વરૂપે ઊજવીએ છીએ. બે વર્ષના સંધિકાળનું પર્વ એટલે દિવાળી. વીતેલા જૂના વર્ષને વિદાય અને નૂતન વર્ષના સ્વાગતનો પર્વસમૂહ એટલે દીપાવલી.

ભગવાન મહાવીરનો અંતિમ કાળ, નિર્વાણ સમય હવે નજીક છે એમ જાણી કેટલાય દેશના રાજાઓ તેરસની સંધ્યા સમયે ભગવાનનાં દર્શન કરવાના ભાવથી પાવાપુરી નગરીના સીમાડે પોતાના રસાલા સાથે એકત્ર થયા. ગોરજના સમયે વગડામાંથી ચરીને ગાયો પાછી આવી રહી હતી. સામે મોટી સંખ્યામાં માણસોનું ટોળું હોઈ ગાયો ભયભીત બની નાસભાગ કરવા લાગી તેથી તે દિવસને 'ધણતેરસ' પણ કહેવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે અને આ દિવસથી ગાયોના ધણની પૂજા કરવાની પરંપરાની શરૂઆત થઈ.

ધન - લક્ષ્મીની પૂજા કરવાને કારણે ધનતેરસ કહીએ છીએ, પરંતુ તે સમયના ભવ્ય જીવોએ તો તીર્થંકરના સમવસરણમાં તેમની નિશ્રામાં તેરસને 'ધન્ય તેરસ' બનાવી દીધી.

લૌકિક પર્વોના સંદર્ભે આસો વદ ચૌદશને 'કાળી ચૌદશ' કહે છે. રાત્રિના દેવોને વશમાં લેવા તાંત્રિકો મંત્રસાધના કરે છે. ભૌતિક સ્વસુખ માટે પરપીડન કરી સાધનાનો દુરુપયોગ કરનારની આવા અમાનુષી કૃત્યને કારણે દુર્ગતિ થાય, પરંતુ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાનો કલ્યાણમય ઉપયોગ કાળી રાતે પણ માનવતાનાં અજવાળાં પ્રગટાવશે.

ભૂતાનની દક્ષિણે આવેલા આસામ સુધીનો પ્રદેશ પ્રાગજ્યોતિષ ક્ષેત્ર તરીકે જાણીતો હતો. અહીં નરકાસુર નામે દુષ્ટ રાજા પ્રજાને રંજાડતો હતો. તેણે સોળ હજાર રાજકન્યાઓને પોતાના મહેલમાં કેદ કરી હતી. સત્યભામાએ આ સ્ત્રીમુક્તિ અભિયાનમાં પોતાને સહકાર આપવા શ્રીકૃષ્ણને વિનંતી કરી. રથમાં સત્યભામા આગળ અને શ્રીકૃષ્ણ પાછળ, યુદ્ધ થયું. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો તેથી આ દિવસને નરક ચતુર્દશીરૂપે પણ ઓળખે છે. આ દિવસે શ્રમણ ભગવાન મહાવીરે સોળ પ્રહર સુધીની અંતિમ પ્રવચનશ્રેણીનો પ્રારંભ કર્યો હતો. તેથી આ દિવસને 'રૂપ ચતુર્દશી'રૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસોમાં ભગવાનની એ દિવ્ય દેશનાને આત્મસાત્ કરીએ તો અંતરનાં અંધારાં ઉલેચાશે, મિથ્યાત્વની કાલિમા જશે અને ચૌમુખી દીપ જેવું સમ્યક્ત્વનું રૂપ પ્રગટશે.

ભારતીય સંસ્કૃતિનાં લોક પર્વોમાં દીપાવલી મહાપર્વ છે. ભારતવર્ષનાં લગભગ બધા જ લોકો વર્ણો, પ્રાંત અને ભાષાના ભેદ વિના દિવાળી પર્વ ઊજવે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણનો નરકાસુર પર વિજય, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો રાવણ પર વિજય, લોકપ્રિય રાજા વિક્રમાદિત્યનો શકો અને હૂણો પર વિજય, આમ દિવાળીનાં પર્વો પાછળ આ વિજયગાથાની કથાઓ સંકળાયેલી છે, જે આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતીક છે.

દિવાળીની રાત્રિના પાછલા પહોરે ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ થયું. પોતાના આત્મા પર રહેલાં કષાયો અને કર્મો પર વિજય મેળવી, પ્રભુની આત્મજ્યોતિ પરમાત્મ પ્રકાશમાં વિલીન થઈ ગઈ. તીર્થંકર ભગવાન પોતાની જાત પર મેળવેલા વિજયને પૂર્ણ વિજય ગણે છે. ભગવાનના મોક્ષાગમનને કારણે તેમના દેહી ચૈતન્યનો દીપક વિશ્વચૈતન્યની જ્યોતમાં વિલીન થવાથી પાવાપુરી નગરીમાં અઢાર દેશના ગણરાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું. આમ ભગવાન મહાવીરે દિવાળીને આત્મપ્રકાશનું જ્યોતિ પર્વ બનાવી દીધું.

બળીરાજા એક આદર્શ રાજા હતા. જીવહિંસા, સુરાપાન, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત જેવાં દૂષણો તેના રાજ્યમાં ન હતાં. બટુક બ્રાહ્મણ સ્વરૂપે શ્રીકૃષ્ણએ સાડા ત્રણ ડગલાં પૃથ્વી માગી. વામનમૂર્તિ ભગવાનના વિરાટ સ્વરૂપને રાજાએ સર્વસ્વ અર્પણ કર્યું. તેની પાવન સ્મૃતિરૂપ ત્રણ અહોરાત્ર તહેવારોનું આયોજન વિષ્ણુ દ્વારા થયું. તે પર્વોત્સવ દિવાળીરૂપે ઓળખાયા.

શકો અને હૂણો પરના વિજય બાદ પરદુઃખભંજક રાજા વીર વિક્રમે ગરીબોને શાહુકારની શોષણખોરીથી મુક્ત કર્યા. વેપારીઓને અને ખેડૂતોને પોતાની આવક અને ઊપજના મહેસૂલ ભરવા જણાવ્યું. તે દિવસ દિવાળીનો હતો. ત્યારથી પરંપરાગત રીતે દિવાળીની રાત્રે આખા વર્ષના ધંધાની લેવડ-દેવડના હિસાબો સમાપ્ત કરી નવા વર્ષ માટેના ચોપડાઓનું પૂજન કરવામાં આવે છે. હવે તો સરકારે નાણાકીય વર્ષનો અંતિમ દિવસ અંગ્રેજી માર્ચ મહિનાની એકત્રીસ તારીખનો નક્કી કર્યો જેથી ચોપડાપૂજન માત્ર વિધિ પૂરતું જ રહી ગયું.

# શ્રદ્ધાંજલિ





## મહેન્દ્રભાઈ પોપટલાલ વોરા

**જન્મ : તા. ૧૭-૧૨-૧૯૪૩ સ્વર્ગવાસ : તા. ૫-૧૧-૨૦૦૭**

**મૂળ વતન : ધોરાજી (મોટીમારડ), હાલ : મુલુન્ડ**

*તમે આપેલ હિતશિક્ષાના, સમતાના વચનો હજીએ ગુંજે છે કાનમાં,*
*ભણો, ગણો, આગળ વધો, ફલો, ફુલો જનકલ્યાણમાં.*
*કંઈક સંકટના કંટક વેઠી, સંસ્કારો રેડ્યા અમ જીવનમાં,*
*તમારી સ્નેહભરી સ્મૃતિઓ, ઉચ્ચતમ ભાવો,*
*યશસ્વી જીવનની યાદગાર પળો, હરપળ યાદ આવો.*
*સતત અમ ઉપર વરસતા રહે, આપના આશિષ.*

**આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ**

**લિ.**

માતુશ્રી - **મંછાબેન,** ધર્મપત્ની - **ચંદ્રિકાબેન**
**નીલેશ-બીના, નીપુલ-રાજુલ**
**રીયા, શીલ, જીયા, ધૈર્ય**
**પ્રીતિ નયન શેઠ, તૃપ્તિ હિતેશ શાહ**
**ફોરમ-ભવ્યા, વૃદ્ધિ-મીતી**

ચોપડાપૂજન દ્વારા આપણે આવી રહેલા નવા વર્ષ માટે કુબેરજીનો ભંડાર, ધન્નાશાલિભદ્રની રિદ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્યની આશા સેવીએ છીએ. સાથેસાથે કુબેરજીના ત્યાગ અને શાલિભદ્રના દાનભાવનું સ્મરણ કરવું જોઈએ. આપણે દિવાળીના દિવસે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણા ચોપડામાં હિંસા, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા થતાં આવક કે નફાનું કોઈ પણ ખાતું ન ખૂલે. અહીં ન્યાયસંપન્ન વૈભવની પવિત્ર ભાવના અભિપ્રેત છે. આત્મગુણ પ્રગટે તેવાં સુકૃત્યના ખાતાંથી જીવનનો ચોપડો ભરાઈ રહે.

આ પર્વ માનવીને મૃત્યુના સંકેતનો સંદેશ આપે છે. જેમ વર્ષનો અંત દિવાળી તેમ જીવનનો અંત મૃત્યુ. દિવાળી પછી નવું વર્ષ, તેમ મૃત્યુ પછી નવજીવન. આમ દીપોત્સવી એ મૃત્યુનો ઉત્સવ. મૃત્યુ પરની શ્રદ્ધાનું પર્વ છે. જીવનમાં સરજાતી નવી આશાના સ્વાગતનો પર્વસમૂહ છે.

ઉલ્લાસ અને ઉમંગ સાથે નવા વર્ષના પ્રભાતે અભિનંદનોની આપ-લે થાય છે. નવા ધાન્યમાંથી વિધવિધ મીઠાઈ બનાવી પ્રથમ એ મિષ્ટ નૈવેદ્યની થાળી અન્નકૂટરૂપે પ્રભુને ધરીએ છીએ. દિવાળીની રાત્રિની અંતિમ ક્ષણોમાં ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ગણધર ગૌતમના જીવનમાં પ્રભુ પ્રત્યેના 'રાગ'ને સ્થાને 'વીતરાગતા' પ્રગટી. તેઓએ અજ્ઞાનનાં અંધારાં ઉલેચી કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવી દિવાળીના પર્વને આત્મપ્રકાશનું જ્યોતિ પર્વ બનાવી દીધું. કેવળજ્ઞાનની પાવન સ્મૃતિની એ પ્રતિપદા (એકમ)ને 'ગૌતમ પ્રતિપદા' નૂતન વર્ષરૂપે ઊજવીએ છીએ એ આપણા જીવનમાં નૂતન જ્ઞાનના અભ્યુદયનું સ્વાગત કરે.

ભાઈ-બહેનના દિવ્ય પ્રેમની ઝાંખી કરાવતું પર્વ એટલે ભાઈબીજ. ભાઈ-બહેનનો સંબંધ અનાદિનો ઉદય સહજ અને સાર્વભૌમ છે. નિર્વિકારી, નિષ્કામ અને પવિત્ર છે.

આ દિવસે યમરાજ બહેન યમુનાને ઘરે જમવા જાય છે. યમરાજ પ્રસન્ન થઈને બહેનને વરદાન માગવા કહે છે. યમુના વરદાન માગે છે, ''જે કોઈ ભાઈ આજના દિવસે પોતાની બહેનને ત્યાં જઈ જમે અને ભાઈ-બહેન બંનેના નિર્મળ પ્રેમનો ભાવતંતુ જળવાઈ રહે, તેનું અપમૃત્યુ ન થાય'. યમરાજે તથાસ્તુ કહી ભાઈબીજની મંગળ રાતે બહેનના ભાવપૂર્ણ પર મોંઘા વરદાનની મહોર મારી.

ફાધર વાલેસ કહે છે કે, 'સ્ત્રી માત્રમાં બહેનનું સ્વરૂપ જોવું. બધી સ્ત્રીમાં વસેલી બહેનને વંદન કરવું. તે આ પર્વનો સંદેશ છે.' પરસ્ત્રી તરફ નિર્મળ ભાવનાથી, પવિત્ર દૃષ્ટિથી જોવું એવા ભાઈ-બહેનના ધર્મના બળે તેનું નૈતિક અપમૃત્યુ ન થાય. નિર્દોષ, નિખાલસે જીવનમાં વાસના જાગે તો ભાવમરણ થાય. ભાઈ-બહેનનો પ્રેમ પવિત્રતાનો સંસ્કાર છે. આ ભાવના બ્રહ્મચર્યની સાધનાનો પાયો છે. ભાઈબીજના દિવસે બહેનના પવિત્ર હાથે ભાઈના કપાળ (ભાલ) પર કરેલ ચાંદલો (તિલક) શંકરના ત્રીજા નેત્રની જેમ વિકારને બાળીને ભસ્મ કરી નાખે છે. ભાઈબીજનો ચાંદલો મનુષ્યના કામવિજયનું વિજયતિલક છે.

આ ભાઈબીજના પર્વના દિવસે આદર્શ ભાઈ-બહેનોનું પાવન સ્મરણ કરી વંદન કરીએ. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત અને બાહુબલિની બહેનો બ્રાહ્મી અને સુંદરી ભાઈ-બહેનના ઉચ્ચ આધ્યાત્મિક સંબંધનું આદર્શ ઉદાહરણ છે. શ્રીકૃષ્ણે દ્રૌપદીનાં ચીર પૂરી ભાઈ-બહેનના નિર્વ્યાજ સંબંધને ધર્મની ઉત્કૃષ્ટ ભૂમિકા પર મૂક્યો. રાજા અશોકનાં પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાએ ભાઈ-બહેનનો ધર્મ-પ્રભાવનાનો સહિયારો પ્રયાસ બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં અમર બની ગયો.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી વિરહથી ભાઈ નંદીવર્ધન આર્તધ્યાન, રુદન કરે છે. બહેન સુદર્શના ભાઈને પોતાના ઘરે લઈ ગયાં. તે દિવસ બીજ હતી. સુદર્શનાએ ભાઈને પ્રતિબોધ આપ્યો. રાગ અને મમત્વબુદ્ધિ ઓછી કરાવી મોહ ઉપશાંત કરાવ્યો, વૈરાગ્યભાવ જગાડ્યો, તેથી નંદીવર્ધન પણ મહાવીરના માર્ગે ચાલવા તૈયાર થઈ ગયા. આમ ભાઈબીજ એ ભાઈ-બહેનના નિર્મળ સ્નેહના પરિતોષનું પર્વ બની ગયું.

દેવ સામે અન્નકૂટ ભરવાની ભવ્યતા સાથે, સુખસંપન્ન લોકોની સહાયથી દરિદ્રનારાયણ દિવાળી ઊજવે તો આ પર્વોત્સવની દિવ્યતા વધે છે.

જ્ઞાનીઓએ તો આ દિવસોમાં ઘરની સાફસૂફી સાથે દેહરૂપી ઘરમાંનાં કર્મરૂપી જાળાં સાફ કરવા જણાવ્યું છે. માત્ર રાવણના પૂતળાને બાળી વિજયાદશમી ઊજવવાથી કશું નહીં વળે. રાવણને દસ માથાં હતાં, અહંકારને હજાર માથાં છે. અંતરમાં પડેલા અહમ્‌ને બાળીને ભસ્મ કરીશું ત્યારે ભીતરના અહમ્‌નાં દર્શન થઈ શકશે. ઘરના આંગણામાં રંગોળી પૂરી, દીપમાલા પ્રગટાવી માત્ર દિવ્ય દિવાળી ન ઊજવતાં, આત્મઘરમાં સમક્તિના સાથિયા પૂરી જ્ઞાનના દીપક પ્રગટાવી ભાવદિવાળી ઊજવીએ, એ જ દીપાવલીનો સંદેશ છે.

કોરોનાના મહામારીના આ કાળમાં આ પર્વમાં અહિંસાની ભાવના, જરૂરિયાતવાળાને મદદ, સ્વચ્છતા અને અવાજ કે હવાનું પ્રદૂષણ ન ફેલાય તેની સાવચેતી સાથે, આપણા સૌમાં દિવાળીની ભવ્યતા સાથે દિવાળીની દિવ્યતાનું અવતરણ થાય તેવી પરમ સમીપે પ્રાંજલ પ્રાર્થના.

# ૩૭મી પુણ્યતિથિઃ શ્રદ્ધાસુમન – સ્મૃતિ વંદના



## સ્વ. શ્રીમતી નર્મદાબેન માણેકલાલ વસા

**સ્વર્ગવાસ : કારતક સુદ બીજ (ભાઈબીજ)**

**રવિવાર તા. ૬-૧૧-૧૯૮૩**

અક્ષયપાત્ર એટલે એવું પાત્ર જેમાંથી અમે જે માગીએ તે મળે,

હિંમત માગીએ તો હિંમત મળે. વહાલ માગીએ તો વહાલ મળે.

હુંફ માગીએ તો હુંફ મળે. સાંત્વન માગીએ તો સાંત્વન મળે.

જાણો છો એ પાત્ર ક્યું છે ?

એ પાત્ર અમારા માતુશ્રી છે.

વર્ષો વીતી ગયા પણ એ અમારા વિચારોમાં, શબ્દોમાં, કાર્યોમાં અને અમારા આનંદમાં હજુ પણ જીવંત છે. અમારી ઉન્નતિ, પ્રગતિ અને સુખ-શાંતિ માટે અમે તેમના ઋણી છીએ

તેમની પ્રેરણા સદૈવ વહેતી રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**સુધા-પ્રતાપ એમ. વસા**
**બીજલ-પરેશ પી. વસા**
**કોમલ – મિહીર પી. વસા**
**જિગ્ના બીરેન શાહ**

**મનીષા-રાજેશ એમ. વસા**
**ડીમ્પલ દેવાંગ કામદાર**
**નિકીતા રાજેશ વસા**
**ધ્રીષ વસા તથા ટીયા વસા**

# રમત શુન્ય ચોકડી ની

નરેન્દ્ર વોરા

હારેલી બાજી અને ઉઘાડા પત્તાની એક ગમ્મત બતાવું.

જેમા આપણી હાર નિશ્ચિત છે એવી એક રમત બતાવું.

એક ધારા રોજિંદા ઘટનાક્રમ થી થાકી ગયો. તો વહેલો ઉઠીને એના દરબાર માં ગયો. છએક મહિના પછી એના દ્વાર હવે ખુલી ગયા હતા. અજવાળુ આછુ હતું, જોરથી ઘંટ વગાડવો છે હવે એને જગાડવો છે, ભલે પુજારી દોડે, વૉચમેન ડંડુકો પછાડે, વગાડ્યો કમાલ થઇ ગઇ. કોઇ ન આવ્યા. ઘંટ સામે જોયુ સ્થિર હતો. પ્રભુ સામે જોયું તેઓ મલકાયા આટલા જોરથી વગાડાતો હશે, ગુસ્તા માં લાગે છે, બોલ બોલ શું તકલીફ છે?

'આજે પ્રભુ તારી સાથે એવી રમત રમવા આવ્યો છું જેમા હું જાણુ છુ મારી હાર નિશ્ચિત છે.'

'તોય રમવી છે?'

'હા'

'શું ફાયદો?'

'પાસા તો ફેકવા મળશે ને!'

'બોલ'

'શું માંડ્યું છે માલિક આ! તું સર્વ સત્તાધીશ છે જ અમે ક્યાં તારી મહાસત્તાને ક્યોરેય પડકારી છે? તો પછી તારે થોડા થોડા વર્ષે તારૂ સ્ટેટ્સ રિન્યૂ કરવા આ સાઇક્લોન, રાયોટસ.. પુર.. યુદ્ધ.. મહામારી.. અમારા પર ઠપકારી ને તને વધુ ને વધુ યાદ કરવા અમને મજબુર કેમ કરવા પડે છે?

'હા, હા, હા તમે મારૂ આધિપત્ય સ્વકાર્યું છે એમ! તો પછી તમારે ચંદ્ર પર, મંગળ પર, કેમ આંટા મારવા પડે છે એ તમારી ટેરીટરી છે? સ્ત્રી પુરુષ ના સહ આયોજન વગર તમે બાળક પેદા કરવાની ચેષ્ટા કરો છો, આ મારુ અપમાન નથી, તમારી ગુસ્તાખી નથી? મેં આ જગતમાં પશુ, પક્ષક્ષ, માનવ, પ્રાણી વનજન્ય જીવાત બધા માટે સમજી ને આયોજન કરેલ તમે એમની ટેરીટરી પર કેમ કબ્જો જમાવ્યો?

